ગાંધીનગર સમાચાર

**સે-૨૦ પ્રાથમિક શાળા નં.૨ ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાશે**

# સરીતા ઉદ્યાન પાસેથી બે ઘરફોડીયા પકડાયા

## એલસીબીએ ૨૦૦ ગ્રામ ચાંદીના કડા સાથે બે ઘરફોડીયા પકડયા : મજુરીના બહાને આવીને રાત્રી દરમિયાન કરેલી ત્રણ ઘરફોડનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર એલસીબીની ટીમે ગઈ રાત્રે સરીતા ઉદ્યાનના દરવાજા પાસેથી દાહોદની ગેંગના બે સાગરીતોને પકડી તહેવારોમાં શહેરમાં થયેલી ત્રણ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. બે ઘરફોડીયા પાસેથી ચોરીમાં લઈ ગયેલા ૨૦૦ ગ્રામ ચાંદીના કડા અને ચાર મોબાઈલ મળ્યા છે. બંનેની ધરપકડ કરી પુછપરછ કરતાં અન્ય ત્રણ સાગરીતોના પણ નામ ખુલ્યા છે તે શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

એલસીબી પીસઆઈ એચ.કે. સોલંકી તથા તેમની ટીમ રાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ રણજીતસિંહને બાતમી મળી હતી કે સરીતા ઉદ્યાન પાસે બે શકમંદો ઉભા છે તેને આધારે દાહોદના શંકર મડીયા ખરાડ અને કૈલેશ ભુરા બારડ નામના બે શખ્સોને પુકડી પુછપરછ શરુ કરી હતી. તેમની પાસેથી ૨૦૧ ગ્રામ ચાંદીના કડા અને ચાર મોબાઈલ ઉપરાંત રૂ.૪૧૦ રોકડ મળી કુલ રૂ. ૧૦૦૬૯ની કિંમતનો મુદ્દામાલ મળી આવ્યો હતો. સઘન પુછતાછમાં બહાર આવ્યું છે કે તે બંનેએ તેમના અન્ય ત્રણ સાગરીતો સાથે મળીને રક્ષાબંધન, નવરાત્રી અને દિવાળી દરમિયાન સે-૭ અને ઈન્ફોસીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઘરફોડ ચોરીઓ કરી હતી. રોડ રસ્તાના કામ કરવાના બહાને ફરીને રાત્રે બંધ મકાનને ટાર્ગેટ કરતી આ ગેંગના બે શખ્સોની ધરપકડ કરી મુદ્દામાલ રીકવર કર્યો છે જયારે અન્ય ફરાર ત્રણ આરોપીને પકડવા ગતિવિધિ તેજ કરી છે.





### @ગાંધીનગર

● બહુચર મંડળ દ્વારા આનંદનો ગરબો શકિત ચોક સે-૩-સી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

● પરેશભાઈ દ્વારા આનંદનો ગરબો શૈલેષભાઈ પ્રજાપતિ પ્લોટ નં. ૧૪૭ દેવભૂમિ સોસાયટી, હડમતીયા, સરગાસણ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

### વાતવાતમાં

● રાજય સરકારની ઓજસ વેબસાઈટ જામ થઈ જતા છેલ્લા દિવસે અસંખ્ય ઉમેદવારો ફોર્મ ભર્યા વગરના રહી ગયા હતા.

● સરપંચની ચૂંટણીના ફોર્મ ભરવા ઉમેદવારો અને સમર્થકો મોટી સંખ્યામાં કલેકટર કચેરીએ આવી પહોંચ્યા હતા.

● નોટબંધીના પગલે બેંકો અને એટીએમ પર નાગરિકોની લાંબી લાઈનો હજુ પણ જોવા મળી રહી છે. જો કે નોટબંધીના પગલે નાગરિકોના ખર્ચા પર અંકુશ આવી જવા પામ્યો છે.

## સે-૨૦ પ્રાથમિક શાળા નં.૨ ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૦ ખાતે રહેતા વસાહતી ભાઈ બહેનોને સરળતાથી આધારકાર્ડ મળી રહે તે માટે વોર્ડના સ્થાનિક કોર્પોરેટરના સહયોગથી સે-૨૦ સરકારી પ્રાથમિક શાળા નં. ૨ ખાતે આગામી તા. ૧૦ અને ૧૧ ડિસેમ્બર શનિવાર અને રવિવારના રોજ બે દિવસીય આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધારકાર્ડ કેમ્પનો લાભ સે-૨૦ના વસાહતી ભાઈ-બહેનો સવારે ૧૦ થી ૫ સુધી લઈ શકશે અને નામ નોંધણી કરાવી શકશે. જેની સર્વે વસાહતીઓએ નોંધ લેવા સે-૨૦ના જાગૃત નાગરિક દ્વારા જણાવાયું છે.

## નવચેતના શિબિરનો અનોખો સંકલ્પ

ગાંધીનગર, તા.૮

આર્ટ ઓફ લીવીંગના શિક્ષક કુસુમબેન રાજન જોષીએ ૬૦ વર્ષે ૬૦ નવચેતના શિબિર લઈ દિવ્ય સમાજના નિર્માણમાં યોગદાન આપવાનો સંકલ્પ કર્યો છે. સરકારી કે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક અને બૌદ્ધિક સ્તરે લાભદાયક અને આધ્યાત્મિક પાસાને વિકસાવતી નવચેતના શિબિર દ્વારા વિવિધ મૂલ્યોની સમજ દ્વારા બાળકોમાં પડેલી સુષુપ્ત શકિતઓને ઉજાગર કરવામાં સહાયક એવા પ્રાણાયામ તથા સરળ ધ્યાન કરાવવામાં આવે છે. બાળકોના વ્યકિતત્વ વિકાસમાં ઉપયોગી એવી બાળ ચેતના શિબિર કરાવવાની ઈચ્છા ધરાવનાર સંસ્થા/શાળા ૯૮૨૫૯૦૪૪૬૨ પર સંપર્ક સાધી શકે છે. નવચેતના શિબિર નિઃશુલ્ક છે.

## રાજયમાં 'અંબા ભોજન' શરૂ કરાય તેવી માંગણી

ગાંધીનગર, તા.૮

તામિલનાડુમાં અમ્મા નામે પ્રસિધ્ધ સ્વ. મુખ્યમંત્રી સુશ્રી જે. જયલલીતાએ રાજયના ગરીબો માટે રાજયભરમાં રૂ.૧૦માં પેટે ભરી જમવાની અનોખી વ્યવસ્થા કરી છે જે ગરીબો માટે આશીર્વાદ રૂપ છે. આ 'અમ્મા ભોજન'નો મોટી સંખ્યામાં ગરીબો લાભ લઈ રહ્યા છે ત્યારે ગુજરાતમાં પણ અંબાજી સ્થાનેક 'અંબા ભોજન' શરુ કરવામાં આવે તેવી અપીલ ગાંધીનગરના વૃધ્ધે કરી છે. ગુજરાત સરકારના પૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીના જન્મદિને અંબાજીમાં ગરીબોને રૂ. ૨૦માં ટોકન લઈ 'અંબા ભોજન' અન્નક્ષેત્ર શરુ કરવામાં આવે તેમ ગાંધીનગરના વરિષ્ઠ નાગરિક મનસુખભાઈ પંચાલે અપીલ કરી છે.

# સિવિલ સર્જને કર્મચારીઓનો કલાસ લીધો...

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એમસીઆઈનું ઈન્સપેકશન ગમે તે ઘડીએ આવી પહોંચે તેવા ભણકારા વાગી રહ્યા છે. ત્યારે છેલ્લા ત્રણ દિવસથી સિવિલ સર્જન સવારથી પદાધિકારીઓ અને કર્મચારીઓ સાથે હોસ્પિટલના વિવિધ વિભાગોના રાઉન્ડમાં નીકળે છે. એમસીઆઈ ટીમની ચકાસણીમાં હોસ્પિટલ સંકુલની કયાંય પણ ભુલ ન દેખાય તેની ખાસ કાળજી સિવિલ સર્જન રાખી રહ્યા છે. ત્યારે આજે છઠ્ઠા મજલે ટીમ સાથે વિવિધ રૂમ તેમજ વિભાગોનું ચેકીંગ કરી રહ્યા હતા ત્યારે લીફટની બાજુમાં વેસ્ટરૂમમાં પેશન્ટ અને દર્દીઓના ચંપલનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ દશ્ય નિહાળતા જ તબિબિ અધિક્ષક ભડકી ઉઠ્યા હતા અને હાજર પદાધિકારીઓનો જાહેરમાં કલાસ લઈ લેતા અન્ય કર્મચારીઓમાં પણ ફફળાટ ફેલાઈ જવા પામ્યો હતો.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં ચાલુ માસના અંતિમ સપ્તાહ કે જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં મેડીકલ કાઉન્સિલની ટીમ ઈન્સપેકશન માટે ગમે તે ઘડીએ આવી પહોંચે તેવી સંભાવના સેવાઈ રહી છે.ત્યારે મેડીકલ કોલેજ અને હોસ્પિટલ તંત્ર ઈન્સપેકશનને પગલે સજજ થઈ રહ્યું છે કારણ કે આ ફાઈનલ ઈન્સપેકશન છે. ટીમ દ્વારા સિવિલ હોસ્પિટલના વિવિધ વિભાગોનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે છે.ત્યારે એમસીઆઈના ઈન્સપેકશનમાં કયાંય હોસ્પિટલ તરફથી કચાશ રહી ન જાય તે માટે ખુદ સિવિલ સર્જન રસ દાખવીને છેલ્લા ત્રણ દિવસથી સવારથી બપોર સુધી વિવિધ વિભાગોમાં સફાઈથી લઈ રેકર્ડ સહિતની ચકાસણી કરી રહ્યા છે ત્યારે આ રાઉન્ડ દરમિયાન હોસ્પિટલના પદાધિકારી અને કર્મચારીને હાજર રાખવામાં આવે છે. કારણ કે જે જરૂરી સુચનો આપવાના હોય તે સ્થળ પર જ આપી શકાય. આજે હોસ્પિટલના છઠ્ઠા મજલે ડો. બિપિન નાયક ચેકીંગમાં હતા તે દરમિયાન લીફટની બાજુમાં રહેલ વેસ્ટ રૂમમાં નજર પડી હતી. તે રૂમ ખોલાવતા દર્દીઓના ખોવાઈ ગયેલા જુના બુટ -ચંપલ મળી આવ્યા હતા. આ દશ્ય જોઈને સિવિલ સર્જન ગુસ્સે ભરાયા હતા અને હાજર પદાધિકારીનો ઉધડો લઈ નાંખ્યો હતો.

## હાલીસા ગામના શૌચાલયની કામગીરીમાં ગ્રામજનોને ભષ્ટ્રાચારની ગંધ





ગાંધીનગર, તા.૮

ગામમાં વસવાટ કરતા હોય અને ગરીબ હોય તેવા પરિવારોને રાજય સરકાર દ્વારા રૂ૧૨.૦૦૦ ના ખર્ચે શૌચાલય બની આપવામાં આવે છે. રાજયના છેવાડાના ગામની કોઈપણ બહેન દિકરીને શૌચાલય માટે ઘરની બહાર ન જવુ પડે તે માટે રાજય સરકારની આ યોજના હેઠળ રાજયના વિવિધ ગામમાં શૌચાલય બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના હાલીસા ગામે શૌચાલય બનાવાની કામગીરીમાં ભષ્ટ્રાચારની ગંધ ગ્રામજનોને આવી રહી છે. તેઓ કહી રહ્યા છે કે રૂ.૧૨૦૦૦ના સરકારના ખર્ચ સામે માત્ર રૂ.૫૦૦૦ માં જ શૌચાલય બનાવાઈ રહ્યા છે. ત્યારે શૌચાલયમાં વપરાતી વિવિધ ચીજવસ્તુઓ, માલસામાન અને ગુણવત્તા પર પણ સવાલ ગ્રામજનો કરી રહ્યા છે. જયારે કોન્ટ્રાકટર દ્વારા સરકારના પ્લાન મુજબ કામ થતુ નથી તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. ત્યારે કેટલાક જાગૃત ગ્રામજનોએ આ અંગે ઉચ્ચકક્ષાએ લેખિત રજુઆત કરી યોગ્ય કરવા જણાવ્યું છે.

દહેગામ તાલુકાના હાલીસા ગામે અત્યારે હાલ સરકારી યોજના હેઠળ શૌચાલય બનાવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સરકારી યોજના હેઠળ એક શૌચાલય દીઠ રૂ.૧૨૦૦૦ આપવામાં આવે છે. ત્યારે સરકારના આ રૂપીયા પાણીમાં જતા હોય તેવું લાગી રહ્યું છે. સરકારી પ્લાનની ઐસી તૈસી કરીને કોન્ટ્રાકટર દ્વારા આડેધડ કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે શૌચાલય બનાવવામાં વપરાતી સરસામાન અને ચીજવસ્તુઓમાં પણ ભષ્ટ્રાચારની ગંધ ગ્રામજનોને આવી રહી છે. ત્યારે શૌચાલયના કામની ગુણવત્તા પર પણ સવાલ ઉભા થવા પામ્યા છે.ત્યારે હાલીસા ગામના જાગૃત નાગરીકોએ દહેગામના તાલુકા વિકાસ અધિકારીને લેખિત ફરિયાદ કરીને આ અંગે યોગ્ય શિક્ષાત્મક પગલા લેવા રજુઆત કરી છે.

## શહેરની કેટલીક પોસ્ટઓફિસના કર્મચારીઓનો ચલણ સ્વીકારવામાં નનૈયો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં આવેલ પોસ્ટઓફિસમાં ચલણ સ્વીકારવામાં આવે છે પરંતુ કેટલાક સેકટરમાં આવેલ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ કામ ન કરવુ પડે તે માટે સર્વર ડાઉન છે. મેઈન પોસ્ટ ઓફિસમાં જાવ ત્યાં ચલણ સ્વીકારવામાં આવેછે તેમ કહી ઉમેદવારોને ધક્કે ચડાવે છે. જયારે સેકટરોમાં પોસ્ટના કર્મચારીઓ બેસીને વાતચીત કરતા નજરે ચડે છે. જયારે મેઈન પોસ્ટ ઓફિસના કર્મચારીઓને ચલણનું ભારણ એટલી હદે વધી જાય છે કે રાત ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ ઉભી થાય છે. ત્યારે આવી પોસ્ટ ઓફિસના કર્મીઓ સામે પોસ્ટના સુપ્રિટેન્ડન્ટે લાલ આંખ કરવાની જરૂર છે.

અત્યારે હાલ રાજય સરકારની વિવિધ સરકારી નોકરી માટેના ઓનલાઈન ફોર્મ ભરવામાં આવી રહ્યા છે. ત્યારે કેટલીક કેટેગરીના ઉમેદવારોને પોસ્ટમાં ચલણ ભરવાનું હોય છે. આ ચલણ પોસ્ટ વિભાગમાં ભરવાનું હોવાથી ત્યાં ઉમેદવારોની લાંબી કતારો નજરે પડે છે. ચલણ ભરવા ઉમેદવાર બે કલાક ઉભા રહે ત્યારે નંબર આવે તેવી સ્થિતિ સર્જાય છે. શહેરના વિવિધ સેકટરોમાં વસતા ઉમેદવાર નજીકની પોસ્ટ ઓફિસમાં ચલણ ભરવા માટે જાય છે. પરંતુ પોસ્ટ કર્મીઓ સર્વર ડાઉન છે મેઈન બ્રાન્ચમાં જવુ પડશે તેવું કહીને ઉમેદવારોને જાકોરો આપી દેતા હોય છે. જેથી શહેરની કેટલીક મેઈન પોસ્ટમાં કામગીરી કરતા કર્મચારીઓને ચલણના કામનું ભારણ વધી જવા પામે છે કે તે કર્મચારીઓને રાત ઉજાગરા કરીને ચલણ ભરવા પડે તેવી સ્થિતિ સર્જાય છે ત્યારે માત્ર વાતચીત કરીને સમય પસાર કરતા કર્મચારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવાની લોકમાંગ ઉઠવા પામી છે. ચલણ ઉમેદવાર માટે અત્યંત કામનું હોય છે ત્યારે ખોટા બહાના બતાવીને અન્યત્ર મોકલી દેવામાં આવે છે. ત્યારે મેઈન પોસ્ટ ઓફિસમાં નાગરીકોની ભીડ જામે છે. જયારે સેકટરોની પોસ્ટ ઓફિસ ખાલીખમ હોય છે.

## સેન્ટ ઝેવિયર્સ શાળાનો ૪૭મો સ્પોર્ટસ ડે યોજાશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૮ ખાતે આવેલ સેન્ટ ઝેવિયર્સ શાળામાં સંસ્થા દ્વારા ૪૭માં વાર્ષિક રમતોત્સવનું આયોજન આગામી તા.૧૦મી ડિસેમ્બરના રોજ સવારે ૮.૧૫ કલાકે કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના પ્રારંભે માર્ચ પાસ્ટ, દિપપ્રાગટય કરવામાં આવશે. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનો ગુજરાત રાજયના કમિશનર ઓફ સ્કુલ જે.કે ગઢવી ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં દોડ, લાંબીકુદ, ઉંચીકુદ, સ્લો સાયકલીંગ, કાંગારુ રેસ, રીલે દોડ સહિતની વિવિધ રમતો યોજાશે. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાનેથી બાળકોને પ્રાત્સાહીત પ્રવચન આપવામાં આવશે. આ કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લેશે.

## રેશનલ સમાજની માસિક બેઠક યોજાશે

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ગાંધીનગર ખાતે મળશે તો સર્વે સભાસદોને સમયસર બેઠકમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી પંકજકુમાર પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## સરકારી વીજ કંપનીઓએ વીજદરમાં યુનિટદીઠ ૫૩ પૈસાનો વધારો માગ્યો

### ગુજરાત વીજ નિયમન પંચ વધારો મંજૂર કરે તો કુલ ૧.૨૦ કરોડ વીજગ્રાહકો પર રૂ. ૬૩૬ કરોડનો ખર્ચ બોજ આવશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારની ચાર વીજ વિતરણ કંપનીઓએ ૨૦૧૭-૧૮ના નાણાંકીય વર્ષ માટે રજૂ કરેલી ટેરિફ પીટીશનમાં યુનિટદીઠ ૫૩ પૈસાનો વધારો કરી આપવાની માગણી કરી છે. ૨૦૧૬-૧૭ના નવા વીજદર નક્કી કરી આપવા માટે ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ રજૂ કરેલી ટેરિફ પીટીશનમાં આ વધારો કરી આપવાની માગણી મૂકવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

વીજદરમાં યુનિટદીઠ ભાવમાં ૫૩ પૈસાનો વધારો કરી આપવાની માગણી મૂકીને ૨૦૧૬-૧૭ના વર્ષમાં તેની અપક્ષિત આવકમાં પડનારા રૂ. ૧૭૦૦ કરોડના ગાબડાંને




પૂરી દેવા માટે આ પગલું લેવાયું હોવાનું માનવામાં આવે છે. સરકારી વીજ કંપનીઓ ઇંધણ ખર્ચમાં અને ખાનગી વીજ કંપનીઓ પાસે ખરીદવી પડતી વીજળીના દર પ્રમાણે વધારો આપવાની ફ્યુઅલ પ્રાઈસ અને પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળની વ્યવસ્થા હેઠળની વીજળીના દરમાં યુનિટે ૨૩ પૈસાનો અને વીજળીના યુનિટદીઠ દરમાં ૩૦ પૈસાનો વધારો મળીને કુલ ૫૩ પૈસાનો વધારો માગ્યો છે.

તદુપરાંત ચાર વીજ કંપનીઓએ મળીને એફપીપીપીએની ફોર્મ્યુલા મુજબ નક્કી કરવામાં આવેતા યુનિટદીઠ મિનિમમ દર રૂ. ૧.૨૦ થી વધારીને રૂ. ૧.૪૩ કરી આપવાની માગણી કરી છે. આમ આખા વર્ષ દરમિયાન એફપીપીપીએનો યુનિટદીઠ દર ઓછોમાં ઓછો રૂ. ૧.૪૩ રહેવો જ જોઈએ તેવી માગણી કરી છે. અત્યારે જીયુવીએનએલની કંપનીઓ યુનિટદીઠ એફપીપીપીએ રૂ. ૧.૭૩ વસૂલે છે. તદુપરાંત તેણે ગુજરાતના ૧.૨૦ કરોડ ગ્રાહકો પાસે યુનિટદીઠ ૨૧ પૈસા વસૂલવાના બાકી જ છે. ગુજરાત વીજ નિયમન પંચ તેની મંજૂરી આપે તેવી રાહ જોવામાં આવી રહી છે. ગુજરાત વીજ નિયમન પંચ આ તમામ દરખાસ્તોનો સ્વીકાર કરે તો રાજ્યના ૧.૨૦ કરોડ વીજજોડાણધારકો પર કુલ મળીને રૂ. ૩૮૧૬ કરોડનો બોજ આવશે.

છેલ્લા સાત વર્ષથી કૃષિ જોડાણ માટે કરવામાં આવતી અરજીઓને આગળ વધારવામાં આવતી જ નથી. ઇલેક્ટ્રીસિટી એક્ટમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ નવા કસ્ટમર વીજજોડાણ માટે અરજી કર તેના ૩૦ જ દિવસમાં તેમને જોડાણ આપી દેવું જોઈએ. સરકારની આ નીતિને કારણે જ ગુજરાતમાં ૧૦૦ ટકા વીજળી કરણની નવી જોગવાઈને અમલમાં મૂકી શકાતી નથી, એમ વીજળીના ક્ષેત્રના જાણકાર નિષ્ણાતનું કહેવું છે.


# ઈ-બેંકીંગની વાતો વચ્ચે વેપારી સાથે ૨૨ લાખનું ઈ-ચીટીંગ...!

## સે-૧૧માં ટુર એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરતા વેપારીના કંપનીનું ઓફીશીયલ ઈ-મેઈલ આઈ.ડી. કોપી કરીને બીજુ આઈ.ડી. બનાવી લઈ હેકરે બેંક એકાઉન્ટમાંથી રૂ. ૨૨.૦૫ લાખ ટ્રાન્સફર કરી લીધા! : મુંબઈ અને તેલંગાણાની બેંકમાં રૂપિયા જમા થઈ ગયા

ગાંધીનગર, તા.૮

એક તરફ દેશભરમાં નોટબંધીના ધડાકા સાથે જ ઈ-બેંકીંગ અને નોન-કેશ ટ્રાન્ઝેકશનને મહત્વ આપવાની વાતો ચાલી છે. ઈ-બેંકીંગ ખુબ સારી બાબત છે પરંતુ જો કાળજી રાખવામાં ન આવે તો તમારા બેંક ખાતામાં પડેલ રૂપિયા પળવારમાં કયાં ગાયબ થઈ જાય તેનો તમને ખ્યાલ સુધ્ધા ન આવે...! આવો વધુ એક કિસ્સો ગાંધીનગરમાં બન્યો છે. એક વેપારીની કંપનીનું ઈમેઈલ આઈ.ડી. કોપી કરીને તેવું જ બોગસ ઈ મેલ આઈ.ડી. બનાવી હેકરે વેપારીના બેંકમાં મેઈલ મોકલી બે અલગ અલગ ખાતાઓમાં રૂ. ૨૨.૦૫ લાખ ટ્રાન્સફર કરી લઈ ઈ ચીટીંગ કરી લીધું છે આ મામલે વેપારીએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરુ કરી છે. નવાઈની વાત તો એ છે કે આટલી મોટી રકમ બેંક અધિકારીએ વેપારીના ક્રોસ વેરીફીકેશન વગર જ ટ્રાન્સફર કરી દીધી છે...!

શહેરના સે-૨-ડી પ્લોટ નં. ૧૭૪૨/૨ ખાતે રહેતા ટ્રિજય કાંતિભાઈ શર્મા સે-૧ મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ ખાતે મારૂતી હોલીડેઝ નામથી ટુર એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે. કંપનીના નાણાંકીય વ્યવહારો તેઓ તેમની કંપનીના ઓફીશીયલ ઈમેઈલ આઈડી પરથી કોર્પોરેશન બેંક ઉદ્યોગભવન ગાંધીનગર શાખાને મેઈલ કરીને કરે છે. બે દિવસ પહેલા મંગળવારે સાંજે ટ્રિજય શર્માને કંપનીના કર્મચારી મારફતે જાણ થઈ કે તેમની કંપનીના બેંક ખાતામાંથી કોઈ શખ્સે તબક્કાવાર રૂ. ૧૪,૫૨,૯૪૪ અને રૂ. ૨,૫૨,૨૦૭નું ટ્રાન્ઝેકશન કરી નાંખ્યું છે. તપાસ કરતાં કોઈ હેકરે કંપનીનું ડુપ્લીકેટ ઈમેલ આઈડી બનાવી તેના મારફતે બેંકને બે અલગ અલગ ટ્રાન્ઝેકશનના મેઈલ કરી રૂ. ૨૨,૦૫,૧૫૧ ટ્રાન્સફર કરી લીધા છે. ઘટના અંગે સે-૭ પોલીસને જાણ કરતા પોલીસે સાયબર ક્રાઈમ અને છેતરપીંડી-વિશ્વસઘાત અંગે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે. બંને ટ્રાન્ઝેકશનના રૂપિયા પૈકી એક મુંબઈની અને બીજી તેલંગાણાની બેંકના કોઈ શખ્સોના ખાતામાં જમા થયા હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે ગુનાની તપાસ શરુ કરી આઈ.ટી. એક્ષપર્ટની મદદ પણ લીધી છે.




### ચિરવિદાય

● સ્વ. લાલજીભાઈ હિરાભાઈ મકવાણા, ઉ.વ. ૮૮